Extra No. 66

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVII ]** **MONDAY, MARCH 2, 2026 / PHALGUNA 11, 1947**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણમાં લીધું ::-**

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૯૭૬/૨૦૨૬ તા.૧૯/૦૨/૨૦૨૬

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમે ૩૩ (૧) (ખ) મુજબનું**

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/ ૨૨૬૨ થી ૨૩૨૨/૨૦૨૬ - કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૯૭૬/૨૦૨૬ તા.૧૯/૦૨/૨૦૨૬થી પાટણ પેટા વિભાગ હસ્તકના સિંહી - સંડેર - રણુંજ- સંખારી- પાટણ રોડ કિ.મી. ૦/૦ થી ૨૨/૯૮૦ ની ચેઈનેજ કિ.મી. ૨/ ૮૦૦ થી ૩/૦૦૦ ની વચ્ચે આવેલ જૂના જર્જરીત સ્લેબ ટ્રેઈનને તોડીને નવીન માઈનોર બ્રીજના પુનઃ બાંધકામની કામગીરી શરૂ કરવાનો વર્કઓર્ડર મે. શિવ ઈન્ફાસ્ટ્રક્ચર, મહેસાણાને તા. ૧૪/૦૭/૨૦૨૫ થી કામગીરી શરૂ કરી તા.૧૩/૦૬/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની શરતે આપવામાં આવેલ હોઈ સદર પુનઃ બાંધકામની કામગીરી દરમિયાન વાહન વ્યવહારને નીચે મુજબના વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરતા જાહેરનામાની મુદત લંબાવવા દરખાસ્ત કરેલ છે.

| વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન રૂટ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | રૂટ | રસ્તાનો પ્રકાર | લેન | અંતર |
| ૧. | સંડેર-ડાભડી-રૂવાવી રોડ | એમડીઆર | Singale Lane | ૫.૩૦૦ કિ.મી |
| ૨. | રૂવાવી થી માતપુર રોડ | વીઆર | Singale Lane | ૨.૬૦૦ કિ.મી |

સબબ, પાટણ પેટા વિભાગ હસ્તકના સિંહી - સંડેર - રણુંજ- સંખારી- પાટણ રોડ કિ.મી. ૦/૦ થી ૨૨/૯૮૦ ની ચેઈનેજ કિ.મી. ૨/૮૦૦ થી ૩/૦૦૦ના જૂના જર્જરીત સ્લેબ ટ્રેઈનને તોડીને નવીન માઈનોર બ્રીજના પુનઃ બાંધકામની કામગીરી દરમિયાન વાહન વ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ, (I.AS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂએ સિંહી - સંડેર -રણુંજ- સંખારી- પાટણ રોડ કિ.મી. ૦/૦ થી ૨૨/૯૮૦ ની ચેઈનેજ કિ.મી. ૨/૮૦૦ થી 3/૦૦૦ ઉપર આવેલ માઈનોર બ્રીજ પર તમામ વાહનો સદર બ્રીજ ઉપરથી પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

| વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન રૂટ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | રૂટ | રસ્તાનો પ્રકાર | લેન | અંતર |
| ૧. | સંડેર-ડાભડી-રૂવાવી રોડ | એમડીઆર | Singale Lane | ૫.૩૦૦ કિ.મી |
| ૨. | રૂવાવી થી માતપુર રોડ | વીઆર | Singale Lane | ૨.૬૦૦ કિ.મી |

**અમલવારીનો સમયગાળો**

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

**શિક્ષા**

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યક્તિ / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરુધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ/બ્રિજ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય), પાટણએ મુકવાના રહેશે. છે.

આજ રોજ તારીખ : ૨૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

**તુષાર ભટ્ટ IAS**
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 13:16:20 IST